બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૭ માર્ચ, ૨૦૧૦)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➯ કડવીબાઈ - સાસુને (૯/૨૦)
➯ શ્રીજીમહારાજે દર્શન દઈને કહ્યું હતું ભાદર નદીમાં પૂર આવશે. ત્યારે તું ત્યાં આવીને અમારી મૂર્તિ સંભારીને પાણીમાં પડતું મૂકજે. અમારી મૂર્તિ દેખાશે તેની પાછળ પાછળ ચાલી આવજે.

૨. ➯ મહારાજ - નાજા જોગિયાને (૮/૧૭)
➯ નાજા જોગિયા મહારાજને પૂછે છે ચાર ચાર વાર હું મોભારા સુધી ઊછળીને હેઠો પડ્યો, પૃથ્વી પર બહુ પછડાટ ખાધી પણ મને સહેજે વાગ્યું કેમ નહિ ? ત્યારે.

૩. ➯ શ્રીજીમહારાજ - રાજબાઈને (૧૮/૫૨)
➯ શ્રીજીમહારાજે સસરાને ઘેર જવાની આજ્ઞા કરી તેથી રાજબાઈને મૂર્છા આવી ગઈ રુંવાડે રુંવાડે લોહીના ટશિયા ફૂટ્યા. તેમનો દેહ રહેશે નહિ તેવું લાગતાં તેમનાં સર્વ સંબંધીઓએ તેમને સારૂં થાય તેવું કરવાની પ્રાર્થના કરી ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. કોઈની પણ ગુહ્યવાર્તા કોઈ ઠેકાણે પ્રકાશ કરવી જ નહિ. (૧/૬)
જ. કારણ કે તેમ કરવાથી વિશ્વાસઘાતનું પાપ લાગે છે. ગુપ્ત વાત ઉઘાડી પડી જતાં તેના હૃદયને જે આઘાત-દુઃખ થાય છે. તેથી પરદ્રોહનું પાપ લાગે છે.

૨. ઘનશ્યામદાસને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાયો. (૮/૧૭)
જ. ઘનશ્યામદાસ જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવતા પણ સ્વામીનો જેવો છે તેવો મહિમા સમજાતો ન હતો. એક વખત ધ્યાન કરતા ઘનશ્યામદાસને સ્વામીએ પૂછ્યું ‘‘ધ્યાન કરો છો કે ગઢડામાં ધોળા તલકાવાળી ભેંસને માથે હાથ ફેરવો છો ?’ ઘનશ્યામદાસ અવાક થઈ ગયા ને સ્વામીના ચરણમાં પડી બોલ્યા : ‘સ્વામી! મને એમ કે તમે ખંડિયા છો, પણ આજે સમજાયું કે તમે ખરેખરા ચક્રવર્તી છો ને મહારાજનું સાક્ષાત્ સ્વરૂપ છો.’ આમ ઘનશ્યામદાસને ગુણાતીતાનંદ સ્વામી ‘અક્ષર’ છે તે મહિમા સમજાયો.

૩. હિમરાજ શાહને ગોપાળાનંદ સ્વામી વલ્લભ સ્વામી જેવા લાગ્યા. (૧૬/૪૫)
જ. આખા શરીરમાં કોઈપણ જગ્યાએ ગોપાળાનંદ સ્વામીની નાડી હાથમાં ન આવતાં તેમને થયું વલ્લભ સ્વામી જેવા તો આ સ્વામી છે તો તેમના ગુરુ સ્વામિનારાયણ તો ભગવાન જ હોવા જોઈએ.

**પ્ર.૩ ‘સુંદરજી સુથાર’(૧૯/૫૪) - પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ભૂજના સુંદરજી સુથાર શ્રીજીમહારાજના દૃઢ નિશ્ચય વાળા હતાં. શ્રીજીમહારાજ જ્યારે ભૂજ પધારતા ત્યારે શિર સાટે પક્ષ રાખી મહારાજની સેવા કરતા. એક વખત તેઓ ભૂજના રાજાનું ખાંડુ (જાન) લઈ ગોંડલ આવ્યા. ત્યાં તેમને સમાચાર મળ્યાં કે મહારાજ બંધિયા બિરાજે છે. આથી દર્શન કરવા બંધિયા આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું, ‘કોણ આવ્યું ?’ ત્યારે સુંદરજી સુથાર કહે, ‘આપનો દાસ.’ મહારાજ કહે, ‘દાસનું શું લક્ષણ ?’ ત્યારે સુંદરજી સુથાર કહે, ‘કહે તેમ કરે.’ ત્યારે શ્રીજીમહારાજે તેમને વસ્ત્ર ઘરેણાં ઉતારી સાધુ થવા કહ્યું ને પછી કાશીએ જાત્રા કરવા જવા કહ્યું. સુંદરજીભાઈ તુરત દાઢી મુછ મુંડાવી દીક્ષા લીધીને કાશીએ જાત્રા કરવા નીકળ્યા. તેમને મહારાજના વચનમાં કાંઈ સંશય ન થયો. જ્યારે મુક્તાનંદ સ્વામીને આ વાત કરી કે અમે કેવાં સારાં કામ કર્યાં કે રાજાના કારભારીને મુંઝ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ‘શું સારૂ કામ કર્યું ?’ કાઠિયાવાડમાં મતવાદીઓ રંજાડતા તેથી ઘણી મુશ્કેલી હતી પણ કચ્છમાં શાંતિ હતી. તે હવે ઉપાધિ થશે. આથી મહારાજે તેમને પાછા બોલાવ્યા. ને ફરી સુંદરજીભાઈએ મહારાજને દંડવત કર્યા ત્યારે મહારાજે પૂછ્યું ‘કોણ આવ્યું ?’ તો કહે દાસ આવ્યો. મહારાજ હસીને કહ્યું, ‘દાસ હો તો લુગડાં ઘરેણાં પહેરી ઢાલ તલવાર લઈ રાજાના કુંવરને પરણાવવા જાઓ.’ મહારાજની આજ્ઞાથી તેઓ વસ્ત્ર ઘરેણાં પહેરી તૈયાર થયા. આ પ્રમાણે જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તે ભગવાન અને સંતને અર્થે શું ન કરે ? લોકલાજનો ત્યાગ કરવો કઠણ છતાં તેમને કરી બતાવ્યો. પરંતુ તેમને થોડો ગર્વ થયો. તેમણે મહારાજને કહ્યું ‘બીજાની આવી આકરી કસોટી કરશો નહિ. બીજાથી આવું થાય નહિ.’ પછી મહારાજે પણ ગામધણી તથા ગરાસદારો પર પત્ર લખી અઢાર જણને ભૂજ બોલાવ્યા ને તેમનો ગર્વ ગાળી દીધો.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ત્યાગીઓએ શિક્ષાપત્રી, ધર્મામૃત અને નિષ્કામ શુદ્ધિ એ ત્રણ ગ્રંથ પ્રમાણે પંચવર્તમાન પાળવાના હોય છે. (૨૧/૬૭)

૨. રાજકુમારના ગળે કાપો પાડીને પ્રધાનપુત્રે લોહી લીધું તે વાતને બે દિવસ થયા છતાં રાજકુમારે કાંઈ પૂછ્યું નહિ તેથી પ્રધાનપુત્રની ધીરજ રહી નહીં. (૭/૧૫)

૩. ગોંડળ મંદિરની પ્રતિષ્ઠા સંવત ૧૯૯૦ના વૈશાખ સુદ ૧૦ના દિવસે થઈ હતી. (૧૦/૨૮)

૪. ભાઈચંદભાઈએ અરદેશર કોટવાલને સત્સંગ કરાવ્યો. (૪/૯)

૫. છોકરા ! ભગવાનને તોળ મા. (૨૩/૭૪)

**પ્ર.૫** 'આપણે તપાસ કરવો જે ......' (૨૫/૭૮) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત સંપૂર્ણ સાચી લખી હોય તો ૧ ગુણ અને નિરૂપણના ૪ ગુણ આપવા.**

**"આપણે તપાસ કરવો જે હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે. લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ને કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી. માટે તપાસ કરવો ને પાછા વળતાં શીખવું."**

આ વાતમાં સ્વામીએ સમજાવ્યું કે ગમે તેટલાં રૂપિયા મળે તેનું ફળ શું છે તેનો નિરંતર તપાસ કરવો, કારણકે દેહ મૂકીને જઈશું ત્યારે કશું જ સાથે આવવાનું નથી. વસોના વાઘજીભાઈ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય શિષ્ય હતા. તેમને અંતરે અખંડ શાંતિ વર્ત્યા કરે. તેમના પિતા તુલસીભાઈને તમાકુનો મોટો વેપાર એટલે નવરાશ મળે નહિ ને જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા જઈ શકે નહિ. આથી સ્વામીને તેમણે વસો તેડાવ્યા. તેઓ વારંવાર કહેતા, 'હે સ્વામી બેના ચાર દી રહો, ચારના આઠ દી રહો' પણ મારા દીકરા વાઘજી જેવું મારા અંતરમાં ટાઢું કરો. પરંતુ તુલસીભાઈ વેપારમાંથી નવરા થાય જ નહિ. સવારે દર્શન કરી દુકાને જાય ને ઠેઠ સાંજે આવે. ત્રણ દિવસ વીતી ગયા. તુલસીભાઈ સ્વામીના સમાગમનો કે કથાવાર્તાનો લાભ લઈ શક્યા નહિ. છતાં 'ટાઢું કરો, ટાઢું કરો' એમ સ્વામીને કહ્યા કરે. ચોથે દિવસે તેમને સ્વામીએ બેસાડયા ને વાત કરી કે, 'જેમ લાખ મણ લોઢાની લોઢી તપાવીને લાલ ચોળ કરી હોય તેના પર એક બે પાણીના ઘડા નાખીયે તો તે ટાઢી થાય ખરી ?' ત્યારે તુલસીભાઈ કહે 'ના સ્વામી'. ત્યારે સ્વામીએ કહ્યું તેને તો ગંગા નદીના ધરામાં નાખીએ ત્યારે પંદર દિવસ સુધી તો હવેલી જેટલી છોળ્યો ઊછળે ત્યારબાદ ટાઢી પડે. તેવી રીતે આટલાં વર્ષો સુધી તમે વહેવાર કર્યો છે તેના તાપે કરીને તમારૂં અંતર તપી ગયું છે. તે વાતોના કે દર્શનના બે છાંટાથી ઘડીમાં ટાઢું ન થાય. આપણે લાખ રૂપિયા ખર્ચ કરીએ પણ અંતઃકરણનું અજ્ઞાન ન જાય. તે તો જ્યારે આવા સાધુનો સમાગમ કરીએ તો જ જાય. આમ સ્વામીનો સમાગમ કરતાં તેમના અંતરમાં શાંતિ થઈ ગઈ. માટે સંત સમાગમ કરી અંતરમાં પાછા વળતા શીખીએ તો અંતરમાં ટાઢું થાય.

**પ્ર.૬ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. કનક છડી સુંદર કર લઈને, ગજગતિ ચાલો હળવા રહીને, ચિત્તડું ચોરી મીઠું મીઠું ગાવતા રે ... રૂડા
પ્રેમાનંદના નાથ વિહારી, જાઉં તારા વદનકમળ પર વારી, હેતે શું બોલાવી તાપ શમાવતા રે ... (૨૪/૭૫)

૨. अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति ।
तीथक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ।। ( ૨૮/૮૭)

૩. અક્ષર પર આનંદઘન પ્રભુ, કિયો હે ભૂપર ઠામ; જેહી મિલત જન તરત માયા, લહત અક્ષરધામ. પોઢે.
શારદ શેષ મહેશ મહામુનિ, જપત જેહી ગુણનામ; જાસ પદરજ શીશ ધરી ધરી, હોત જન નિષ્કામ. (૨૦/૬૬)

૪. **ગુજરાતી ભાષાંતર :** જે પુરુષને વાત, પિત્ત અને કફના દેહમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી-પુત્રાદિકમાં મમત્વપણાની બુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમા વગેરેમાં પૂજ્યબુદ્ધિ છે તથા જળમાં તીર્થબુદ્ધિ છે તે પુરુષને આ પ્રકારની આત્મબુદ્ધિ ભગવાનના પરમ એકાંતિક સંતમાં નથી તો તેને બળદિયો અથવા તો પશુઓમાં કનિષ્ઠ એવો ગધેડો જાણવો. (૨૮/૮૮)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, દસમી આવૃત્તિ - ડીસેમ્બર, ૨૦૦૮)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ➫ ભગતજી - એક સાધુને (૧૯/૩૫)
➫ એક સાધુએ ભગતજીને પૂછ્યું : ભગવાન ભૂત જેવા છે તે શું વળગે ? ત્યારે.

૨. ➫ ભગતજી - માના ભગતને (૨૬/૫૦)
➫ માના ભગતે ભગતજીને શિખામણ આપતાં કહ્યું થોડા દિવસ જીવવું ને આ તમારા બાબુલા જેવા શિષ્યોમાં બંધાતા નહિ ત્યારે.

૩. ➫ ભગતજી - યજ્ઞપુરુષદાસજીને (૨૪/૪૬)
➫ યજ્ઞપુરુષદાસજીએ ઠાકોરજીની મૂર્તિ ભગતજીને પ્રસાદીની કરવા આપી ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઊનામાં ગુણાતીતાનંદ સ્વામીને ઠપકો આપવાની વાત મનમાં જ રહી ગઈ. (૧૪/૨૭)

જ. ધોલેરામાં કૃષ્ણપ્રસાદજી મહારાજ ધામમાં ગયા એટલે આચાર્ય મહારાજને સંતો વરતાલ પાછા ગયા. આથી ઊનામાં સ્વામીને ઠપકો આપવાની વાત મનમાં જ રહી ગઈ.

૨. પ્રાગજી ભક્તે રૂપિયાનું વરદાન ન સ્વીકાર્યું. (૫/૯)

જ. ભગતજીએ ગોપાળાનંદ સ્વામી તથા સ્વામીના સમાગમથી એટલું તો જાણ્યું કે ધન અને સ્ત્રીમાં સુખ નથી. માટે રૂપિયાનું વરદાન ન સ્વીકાર્યું.

૩. માના ભગત મૌન બની ગયા. (૭/૧૫)

જ. માના ભગતે સ્વામીને કહ્યું : આ પ્રાગજી સંસાર છોડીને ધ્યાન શીખવા આવ્યો છે ત્યારે તમે તો તેની પાસે પથરા ઉપડાવી હદ ઉપરાંતની સેવા જ કરાવો છો. ત્યારે સ્વામીએ કહ્યું : હું તો પથરા ઊંચકાવીશ ને ભગવાન આપીશ. આથી માના ભગત મૌન થઈ ગયા.

**પ્ર.૯** ‘વનવાસમાંથી મુક્તિ’ - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

વરતાલ આવેલા સંતોને આચાર્ય મહારાજે ભગવાં પહેરવાની આજ્ઞા કરી. વિજ્ઞાનદાસજી વગેરે સંતોને ખાનદેશ મોકલ્યા. યજ્ઞપુરુષદાસજી તથા બીજા સંતો ગુજરાતમાં ફરવા નીકળ્યા. ખાનદેશમાં વિજ્ઞાનદાસજી દ્વારા ઘણો સમાસ થયો. હરિભક્તોને સમાધિમાં શ્રીજીમહારાજ અને ભગતજીનાં દર્શન થતાં. એક બાઈ હરિભક્તને ભગતજીનાં દર્શનથી ભૂત નીકળી ગયું અને ભગતજીનો પ્રવેશ થયો. ભગતજીની માફક સર્વે ચેષ્ટા કરે ને સૌને સુખ આપે. ખાનદેશી હરિભક્તો ભગતજીનો સમાગમ કરવા મહુવા જવા લાગ્યા. આચાર્ય મહારાજ તે સમયે મહુવા હતા. તેઓ ભગતજીની વાતો સાંભળતા હતા, રોજ પ્રસાદી મોકલતા. સભામાં પણ ભગતજી પાસે વાતો કરાવે, સૌને ભગતજીનો મહિમા સમજાવતાં. સંવત ૧૯૪૯માં ગઢપુર લક્ષ્મીવાડીમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવમાં રંગાચાર્ય ભગતજીનાં દર્શનથી પ્રભાવિત થયા. ભગતજી સૌને મહારાજના સર્વોપરી સ્વરૂપની, સ્વામીના અક્ષરસ્વરૂપની, સત્પુરુષમાં જોડાવાની, બ્રહ્મચર્ય પાળવાની વાતો કરતા. ભગતજીના સંબંધથી શ્રીજીમહારાજમાં જોડાયેલા કેટલાક હરિભક્તોને શ્રીજીમહારાજ દર્શન પણ આપતાં. (૨૨/૪૧)

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. હું સ્વામીને વશ છું અને તેં સ્વામીને વશ કર્યા છે. તેથી આજથી હવે હું તને પણ વશ છું. (૧૦/૨૦)

૨. ભગતજીને રાજી કરવા યજ્ઞપુરુષદાસજી સાડા ત્રણ રોટલા જમ્યા. (૨૧/૪૦)

૩. ભગતજીએ હરિભક્તોના સુખ માટે અઢાર હજાર માળા ફેરવી. (૨૫/૪૭)

૪. ચાલીસ વર્ષ, ચાર માસ અને ચાર દિવસ અહીં રહ્યા હવે સત્સંગમાં ફરશું ને મહુવે જઈને રહીશું. (૧૬/૩૦)

૫. ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે, શ્રીજીમહારાજની અખંડ સેવામાં રહ્યા છે ને મહારાજને રહેવાનું ધામ છે તેની સાક્ષી પૂરી. (૧૮/૩૪)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨ (૨૧/૪૦) **૨.** ૧, ૩, ૪ (૧/૧) **૩.** ૧, ૪ (૯/૧૮)

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **ભગતજીના સંતોને ઉપાધિ :** આ **વાતની ગઢડાના સાધુઓએ** પણ **સાક્ષી** પૂરી કે **એમના સમાગમથી આપણા વિકારો** પણ **ઓછા** થઈ જાય છે, તો **તેમનામાં** તો એક પણ **વિકાર ક્યાંથી હોય** ? (૨૦/૩૮)

૨. **ગુરુવચને ચૂરેચૂરા : સ્વામી** એક વખત **પ્રાગજી ભક્ત**ને કહે : **તું દેહે** કરીને **મહેનત કરે છે** પણ **તપ** વગર **દેહ**નું બળ ઘટશે નહિ. તેથી **બે** દિવસ **ઉપવાસ** ને **ત્રીજે** દિવસે **એક** વખત **જમવું.** એવું **મહાતપ** શરૂ કર્યું. (૬/૧૧)

૩. **વાંસદાના દીવાનને સત્સંગ :** જેને **ભગવાન વશ** કરવા હોય અને **અખંડ ભજન** કરવું હોય તેને **ફડકી ફડકીને જાગવું** ને **ભજન** કરવું. **મુમુક્ષુને હરણ** ફડકો અને **કાકનિંદ્રા** જોઈએ. (૨૩/૪૩)

૪. **ગઢડામાં જળઝીલણીનો સમૈયો : મને ધ્યાન** કરતાં નથી આવડતું. **હું સ્વામીની કૃપાથી** આ **દેહ ભૂલી જાઉં છું.** અને તમે **બેઠા** છો એમ **મહારાજની મૂર્તિને** દેખું છું. (૨૬/૪૯)

૫. **અંતિમ લીલા : અન્નકૂટને દિવસે મંદિરમાં દર્શને** પધાર્યા ત્યારે **હજારો હરિભક્તોએ એમનાં દર્શનનો** લાભ લીધો. ત્યારે **પોતે** બોલ્યા હતા : **મારાં જેને** એક વખત **દર્શન થયાં** હશે, **તેને** હું **અક્ષરધામમાં** લઈ જઈશ. (૨૮/૫૫)

૬. **સત્સંગમાં સ્વીકૃતિ :** એક **વખત આણંદમાં આચાર્ય મહારાજ** ને સંતો પધારેલા. રોજ **રાત્રે** આરતી પછી **પ્રાર્થનામાં સૌ સ્વામિનારાયણની** ધૂન બોલે. એક **દિવસ પવિત્રાનંદ સ્વામીએ** કહ્યું : **મહારાજના** વખતથી **નરનારાયણ, સ્વામિનારાયણ** એમ **ધૂન બોલવાની પ્રથા છે.** તે શું કામ **તોડો** છો ? (૧૭/૩૩)



❑ ❑ ❑